Sahitya Manthan
A Peer-Reviewed, Open Access e-journal
ISSN: 2582 6867, Website: http://www.sahityamanthan.in
Year-5, Issue-6, Continuous Issue-36, March - April 2026

# અલબેલી છોકરીનું ગીત

એક છોકરીને વળગ્યું ચોમાસું.
છોકરીએ આંખોમાં  કાજળ  પેર્યું પછી  ગામ આખું આધુ ને પાછું,
એક છોકરીને વળગ્યું ચોમાસું.

છોકરી તો ગામડાની ગોરલ -તોરલ એ  ચાલે તો ઉગે ભીની માટીની મ્હેંક,
એ તો હૈયાની વેલ, એની રુવાબી ચાલ,એ ઉતરી છે છોકરાના તનમનમાં  છેક.
છોકરો તો કે છે કે છોકરીના ગાલ પર  જે તલ છે, એમાં હું જાત મારી વાખું,
એક છોકરીને વળગ્યું ચોમાસું.

એની અલબેલી જાત,એની નોખી છે વાત,એ છોકરી તો મઘમઘતો મોગરો,
આખ્ખોય ઉનાળો ધગધગતા તાપમાં  તપ્યો છે ઘેલો એક છોકરો,
ગામ આખું બાનમાં ને, છોકરી તો તાનમાં, ખુદ ચોમાસું આધું ને પાછું,
એક છોકરીને વળગ્યું ચોમાસું.

@ પરમ પાલનપુરી

---

પંકજકુમાર મૂળશંકરભાઈ પ્રજાપતિ
2/29 સ્વાગત  બંગલોઝ  ધનીયાણા ચોકડી,
પાલનપુર 385001